નોટિફિકેશન

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, જિ.નર્મદા
(ગુજરાત એક્ટ નં.૧૫/૨૦૧૭ ધ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી)

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા ખાતે જુન - ૨૦૧૮ થી ઓક્ટોબર - ૨૦૨૬ સુધીમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ પૂર્ણ કરનાર અને સ્નાતક કક્ષાની પદવી માટે લાયક ઠરેલ તમામ છાત્રોનો "પ્રથમ પદવીદાન સમારોહ" આગામી તા.૨૦/૦૯/૨૦૨૬ નાં રોજ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલાનાં મુખ્ય કેમ્પસ, જીતનગર ખાતે માન.રાજ્યપાલશ્રીની ગરીમામયી ઉપસ્થિતીમાં આયોજન સુચિત છે. લાયક તમામ છાત્રોને બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા દ્વારા ટેલિફોનીક / SMS થી સંપર્ક કરવામાં આવે છે. લાયક તમામ ઉમેદવારોને ઉપસ્થિત થવા આથી જણાવવામાં આવે છે. વધુ વિગતો માટે પરીક્ષા નિયામકશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલાનો સંપર્ક કરવા વિનંતી.

ગોલ્ડ મેડલ માટે લાયક છાત્રો વિશેષ રૂપે માન.રાજ્યપાલશ્રીનાં વરદ્ હસ્તે મેડલ પ્રાપ્ત કરે તે માટે ખાસ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ :- રાજપીપલા
તા. :- ૦૨/૦૯/૨૦૨૬

કા.કુલસચિવ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી
રાજપીપલા

માહિતી/નર્મદા/૨૪૬/૨૦૨૬-૨૭

નર્મદા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો/ નગરપાલિકાઓ તેમના માલિકી ના, તેમના હસ્તકના ગામ તળાવો ને મત્સ્યોદ્યોગ હેઠળ આવરી લઇ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ના વિકાસ માટે ની જાહેર નિવિદા

સરકારશ્રીની તા. ૧૫/૦૭/૨૦૦૩ ની ગામ તળાવ ઇજારાનિતિ અન્વયે નર્મદા જિલ્લામાં આવેલ ગ્રામ પંચાયત/ નગરપાલિકા હસ્તકના તળાવોને મત્સ્યોદ્યોગ પ્રવૃતિ હેઠળ આવરી લેવાના થાય છે, તેથી ગ્રામ પંચાયત/ નગરપાલિકા હસ્તકના મત્સ્યોદ્યોગ પ્રવૃતિ હેઠળ આપવાના તળાવોના સહમતી દર્શક ઠરાવ મંગાવવામા આવે છે, તમામ તળાવો ના ઠરાવ જાહેરાત પ્રસિધ્ધ થયે થી દિન-૩૦ માં તળાવની ૭/૧૨ ની નકલ સાથે અત્રેની કચેરી મા રૂબરૂ કે ટપાલ મારફત મોકલી આપવા માટે જણાવવામાં આવે છે. ગામ તળાવ ઇજારાનિતિ મુજબ તળાવના ઇજારા પેટે મળતી રકમમાં થી વહીવટી ચાર્જ બાદ કરી બાકીની રકમ ગ્રામ પંચાયત/ નગરપાલિકા ને ચુકવી આપવામા આવે છે.

: ઠરાવ નમુનો:

ઠરાવ નંબર:
આજની સભામાં ચર્ચા વિચારણા કરી ગ્રામ પંચાયત/નગરપાલિકા હસ્તક આવેલ..... તળાવ સર્વે નંબર ..... વિસ્તાર .....હેકટરમાં મત્સ્યોદ્યોગ પ્રવૃતિ માટે આપવા ઠરાવવામાં આવે છે. આ માટે મત્સ્યોદ્યોગ ખાતા ના નિયમો મુજબ કરારનામાનાં સહી કરવાની સત્તા સરપંચશ્રી/ તલાટીને આપવામાં આવે છે.
ઠરાવ મંજુર: સહી
તારીખ:
સ્થળ: કચેરીનો સિક્કો

મત્સ્યોદ્યોગ થકી થનાર ફાયદા:
૧. ગામ તળાવોમા મત્સ્યોદ્યોગ થકી રોજગારી નુ સર્જન
૨. તળાવની જાળવણી
૩. તળાવની સફાઇ
૪. સસ્તું પ્રોટીન સભર આહાર
૫. ગ્રામ પંચાયત/ નગરપાલિકા ને ભાડાની આવક વિકાસ કાર્યોમા કામ લાગશે.
૬. તળાવ રાખનાર મત્સ્ય ખેડૂતને આઇ-ખેડૂત પોર્ટલ પર મત્સ્યોદ્યોગ ખાતાની તમામ યોજનાનો લાભ.
૭. તળાવ રાખનાર મત્સ્ય ખેડૂતને KCC લોન તેમજ NFDP રજીસ્ટ્રેશન અને તેના લાભ વધુ માહિતી.માટે
મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રીની કચેરી, રાજપીપળા, ૨૧૮,બીજે માળ,જીલ્લા સેવા સદન, તા.નાંદોદ, જી. નર્મદા, ૩૯૩૧૪૫, ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો.

મત્સ્યોદ્યોગ અધિક્ષક
રાજપીપળા

માહિતી/નર્મદા/૨૪૯/૨૦૨૬-૨૭

જાહેર નોટીસ

નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ)
આખરી યોજનાની કામચલાઉ મુલ્યાંકન દરખાસ્ત અંગે સુનવણી

નગર રચના યોજના નં. ૪૯ (કતારગામ) સુરતની સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં નીચે જણાવેલ બ્લોક નંબર વાળી જમીનનો સમાવેશ થાય છે. જેની સુનાવણી નીચે જણાવ્યા અનુસાર તારીખ અને સમયે રાખવામાં આવેલ છે.

- તા.૧૪/૦૯/૨૦૨૬ (સમય ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે)
  મોજે: કતારગામ ના બ્લોક નં. ૪ થી ૧૪, ૧૬ થી ૨૦, ૭૭ થી ૮૨
- તા.૧૪/૦૯/૨૦૨૬ (સમય ૩:૦૦ થી ૬:૦૦ કલાકે)
  મોજે: કતારગામ ના બ્લોક નં. ૮૩ થી ૯૭, ૧૦૨ થી ૧૦૫
- તા.૧૬/૦૯/૨૦૨૬ (સમય ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે)
  મોજે: કતારગામ ના બ્લોક નં. ૧૦૬ થી ૧૨૭
- તા.૧૬/૦૯/૨૦૨૬ (સમય ૩:૦૦ થી ૬:૦૦ કલાકે)
  મોજે: કતારગામ ના બ્લોક નં. ૧૨૮ થી ૧૩૭, ૧૬૮ થી ૧૭૧
- તા.૧૭/૦૯/૨૦૨૬ (સમય ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે)
  મોજે: કતારગામ ના બ્લોક નં. ૧૭૨ થી ૧૬૯
- તા.૧૭/૦૯/૨૦૨૬ (સમય ૩:૦૦ થી ૬:૦૦ કલાકે)

મોજે: કતારગામ ના બ્લોક નં. ૧૯૨ થી ૧૯૯, ૨૧૮, ૨૨૨, ૨૨૮, ૨૨૯, ૫૦૩, ૫૦૪, ૫૪૦ અને ૫૫૧

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલ વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઇ તેમજ નગર રચના યોજના થવાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંભવિત ખંડને જે લાભ મળશે તે વિચારી મુળખંડની કિંમતો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતનો દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્તો ઘડવામાં આવેલ છે. આ બાબતે સબંધિત જમીન માલિકો/હિતસબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરવાની કાર્યવાહી અગેથી શરૂ કરેલ છે. જેથી આપશ્રીના બ્લોક નંબર અન્વયે સુનાવણી/રૂબ્રૂમાત કરવા ઉપરોકત દિન તેમજ નિર્ધારીત કરેલ સમયે આપશ્રીને અધિકૃત પ્રતિનિધિને અત્રે રૂબરૂમાં લેખિત/મૌખિક રૂબ્રૂમાત કરવા હાજર રહેવા અંગે અનુકૂળતા સાધવા માટે જણાવવામાં આવે છે.

સ્થળ: સુરત.
તા.૦૨/૦૯/૨૦૨૬
કચેરીનું નામ અને સરનામું:-
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક
સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત.
પ્રથમ માળ, જુની વરાછા (ઘસ્ટ) ઝોન ઓફીસ,
ઝવેરચંદ મેઘાણી બાગની પાછળ, વરાછા,
સુરત- ૩૯૫૦૦૬. ૦૨૬૧-૨૯૯૭૦૧૦
Email:stp-tpo2-rt@gujarat.gov.in

-:સહી:-
(કે.ડી.પટેલ)
નગર રચના અધિકારી અને
પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના, એકમ-૨,
સુરત.

કમાંક. માહિતી-સૂરત/૫૬૦/૨૦૨૬

ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

જુની કલેકટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email : ceo.bauda@gmail.com
Azadi Ka Amrit Mahotsav

ટેન્ડર નોટિસ નં.૧૦ (ચોથો પ્રયત્ન)
વર્ષ:૨૦૨૬-૨૭

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા Providing, Installing And Testing Of Street Light From Zhadeshwar Chawkdi To Tavara Village On Bharuch-Shukaltirth Road Bharuch ના કામો માટે માન્ય ઈજારદારો પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કામોની નોટિસ http://tender.nprocure.comઅને www.statetenders.gujarat.gov.in વેબ સાઈટ ઉપર ઓનલાઈન તા. ૦૭/૦૯/૨૦૨૬ થી તા.૧૭/૦૯/૨૦૨૬, સમય ૧૮.૦૦ કલાક સુધી જોવા મળશે, સદર કામ માટે ઓનલાઈન સબમિશનની છેલ્લી તારીખથી તા.૨૪/૦૯/૨૦૨૬, સમય ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. અને જરૂરી તમામ દસ્તાવેજ અત્રેની કચેરીએ બંધ કવરમાં ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ રજુ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન સબમીશન કરવાના ફરજીયાત રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

ટેન્ડર અપલોડ કરવાની તારીખ	૦૭/૦૯/૨૦૨૬ થી તા.૧૭/૦૯/૨૦૨૬, સમય ૧૮.૦૦ કલાક સુધી
કામની અંદાજીત રકમ	૮૨,૭૭,૬૨૮.૦૦/-(Without G.S.T.)
ટેન્ડર ફી ની રકમ	૨૪૦૦.૦૦/-
ઇ.એમ.ડી. ની રકમ	૮૩,૦૦૦.૦૦/-
EMD,DD તેમજ ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ (by R.P.A.D. only)	૨૪/૦૯/૨૦૨૬, સમય ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ખોલવાની તારીખ	૨૫/૦૯/૨૦૨૬ (શક્ય હશે તો)

(૧). સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિઝિકલ ડોક્યુ. ધ્યાને લેવામાં આવશે નહીં.
(૨). સદર ટેન્ડરીંગ માટે બોડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઇજનેર
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ ભરૂચ.

માહિતી/ભરૂચ/૨૭૮/૨૦૨૬

સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત

સાર્વજનિક એજયુકેશન સોસાયટીની ૧૧૩મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.: ૨૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શ્રીમતી ઉષાબેન જયવદન બોડાવાળા 'તારામોતી' હોલ, સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, એમ.ટી.બી. કોલેજ કેમ્પસ, અઠવાલાઈન્સ, સુરતમાં નીચેની કાર્યસૂચી માટે રાખવામાં આવી છે.

કાર્યસૂચી

૧. ગત તા. ૦૭/૦૯/૨૦૨૫ની સામાન્ય સભાની કાર્યવાહીને મંજૂર કરવા બાબત.
૨. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના તા.૩૧/૩/૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના અહેવાલની નોંધ લેવા બાબત.
૩. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના તા.૩૧/૩/૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના ઓડિટેડ હિસાબો મંજૂર કરવા બાબત.
૪. સોસાયટીની વ્યવસ્થાપક સમિતિના સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે રૂલ નંબરઃ 16(IV) મુજબ નિવૃત્ત થતા પાંચ સભ્યશ્રીઓની ખાલી પડેલ જગ્યા માટે ચૂંટાયેલા સભ્યોના નામો જાહેર કરવા બાબત.
૫. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે પ્રમુખશ્રીની વરણી કરવા બાબત.
૬. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે પ્રથમ ઉપ-પ્રમુખશ્રીની વરણી કરવા બાબત.
૭. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે દ્વિતીય ઉપ-પ્રમુખશ્રીની વરણી કરવા બાબત.
૮. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે ઓડિટરોની નિમણૂક કરવા તથા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત.
૯. પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય જે કામ રજૂ થાય તે.

સોસાયટીના આજીવન સભ્યશ્રીઓએ પોતાના નવા સરનામા, મોબાઈલ નંબર અને ઈમેલ આઈ.ડી.બાબતેનો ફેરફાર કરાવ્યો ન હોય તેઓએ તાત્કાલિક સોસાયટી કાર્યાલયમાં સુધારો કરાવવો. સભ્યશ્રીઓને જણાવવાનું કે સામાન્ય સભાની નોટિસ, વાર્ષિક અહેવાલ તથા ઓડિટેડ એકાઉન્સ સોસાયટીની વેબસાઈટ www.ses-surat.org પર મૂકવામાં આવેલ છે. જે સભ્યશ્રીઓને અહેવાલ તથા એકાઉન્સની નકલ જોઈતી હોય તો તે સભ્યશ્રી સોસાયટી કાર્યાલય પરથી કામકાજના સમય દરમ્યાન મેળવી શકશે.

તા.: ૦૩/૦૯/૨૦૨૬ મંત્રી

મહેરબાન ઓલપાડના એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં.

મુ. ઓલપાડ, તા.ઓલપાડ, જી. સુરત.

વાદી : રાહુલભાઈ કાળુભાઈ કાકડીયા.
વિરુદ્ધ

સ્પે. દિ. મુ. નં.૩૦ સને ૨૦૨૧
વાદીના એડવોકેટ
ધ્રુવ કે. ત્રિવેદી/નીતિન જે. મોદી

પ્રતીવાદી : પ્રશાંતકુમાર મહેશભાઈ પટેલ વીગેરે.... પ્રપોઝડ પ્રતીવાદી નં.૫-એ ગુલાબબેન તે ગાંડાભાઈ રણછોડભાઈની વિધવા. રહે. સિવાણ, તા.ઓલપાડ, જી. સુરત. નં.૫-બી પ્રકાશભાઈ ગાંડાભાઈ પટેલ, રહે. એજન. નં.૫-સી અમિબાબેન તે દિનેશભાઈ ગાંડાભાઈ પટેલની વિધવા રહે. એજન. નં.૫-ડી દિપેનભાઈ દિનેશભાઈ પટેલ. રહે. એજન. નં.૫-ઈ ઈશાબેન દિનેશભાઈ પટેલ, રહે. એજન. નં.૫-એફ હંસાબેન તે ગાંડાભાઈ રણછોડભાઈ પટેલની દિકરી. રહે. એજન.

જાહેર નોટીસ

આ કામના વાદીએ ઉપરોકત દાવો નામદાર કોર્ટમાં આ કામના પ્રતીવાદી ઉપર કરેલ છે. જે પ્રતીવાદીઓ પૈકી પ્રતીવાદી નં.૫ ગાંડાભાઈ રણછોડભાઈ પટેલ ચાલુ દાવે તા. ૧૩/૦૭/૨૦૨૩ ના રોજ ગુજરી જતા, તમો પ્રપોઝડ પ્રતીવાદી નં.૫-એ થી ૫-એફ ને સદર દાવામાં મરહુમના વારસદાર તરીકે જોડવા માટે આંક : ૩૮ થી અરજી આપેલ છે અને જે અરજીના પ્રોસેસ તમોને બજાવવા મોકલાવેલા, પરંતુ તમોને ચેનકેન પ્રકારે તે બજી શકેલ ન હોય, જેથી વાદીએ આંક : ૪૪ થી જાહેર સમન્સ/નોટીસની અરજી રજુ કરતા, જે મંજુર થતા તમોને આ જાહેર સમન્સ/નોટીસ થકી નામદાર કોર્ટના પ્રોસેસ બજાવવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજની છે. જેથી તે દિવસે તમો પ્રપોઝડ પ્રતીવાદીઓએ જાતે અથવા વકીલશ્રી મારફતે ઉપરોકત કોર્ટમાં સવારે ૧૧-૦૦ કલાકે હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી ગણી લઈ નામદાર કોર્ટ સદર દાવામાં આગળની કાર્યવાહી કરવાનો હુકમ ફરમાવશે અને તે મુજબની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તા. ૩મી માહેઃ સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના દિવસે મારી તથા સીકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (એન. કે. ગૌસ્વામી) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, ઓલપાડ
મુકાબલ કરનાર (એમ ડી. પટેલ) બેંચ કલાર્ક, સીવીલ કોર્ટ, ઓલપાડ
કોર્ટ સિકકો
હુકમથી (એમ ડી. પટેલ) ઈ/ચા. રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, ઓલપાડ

-:: જાહેર ખુલાસો કમ જાહેર ચેતવણી ::-

આથી લાગતા વળગતા તમામ ને જણાવવાનું કે મોજે ગામ સામરોદ તા. ચોરાસી જી. સુરતના સરવે નંબર ૪૨/૨, બ્લોક નંબર ૬૬ જેનુ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૯૩-૦૮ ચો.મી. અને આકાર રૂા.૧૦.૧૨ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીકો પૈકી સુલેમાન ઈસપ હુંઠા ના વારસદારો પૈકી ઈબ્રાહીમ અબ્દુલકૈયુમ હુંઠા, રહેવાસી : નાનો મહોલ્લો, મું.પો. સામરોદ, તા. ચોર્યાસી, જી.સુરતનાએ અમો ના અસીલ શ્રી અબ્દુલકૈયુમ ઈલ્યાસ કોલા રહે. : ઘરડા મોહલ્લો, મુ.પો.લાજપોર, તા. ચોરાસી, જી.સુરત. નાને સદરહું જમીન પૈકી ક્ષેત્રફળ હે.આરે. ૦-૪૫-૦૦ ચો.મી. વાળી જમીન વેચાણ આપવા કબુલ મંજુર થયેલા અને જે વેચાણ અવેજ પૈકીની રકમ રૂા.૧૪,૩૩,૦૦૦/- અંકે રૂપીયા ચૌદ લાખ તેત્રીસ હજાર પુરા ઈબ્રાહીમ અબ્દુલહૈય હુંઠા નાએ સ્વીકારેલ અને રજી. નંબર ૩૪૪૧/૨૦૨૫ થી એક નોટરી સાટખત યાને વેચાણનો કરાર બનાવી આપેલ છે. અને શરત મુજબ પોતાનું તથા કુંટુંબનું વારસાઈ હકકે નામ દાખલ થયેથી તે અમોના અસીલનાને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવાની તૈયારી બતાવેલ પરંતુ સદરહું જમીન હાલ તેવો ઈસમ અન્ય ત્રાહીત પક્ષકારને વેચવા ફરી રહેલ હોય તો હાલનો આ જાહેર ખુલાસો કમ જાહેર ચેતવણી આપી / હાલની નોટીસ આપી જાહેર આલમ ને જણાવવાનું કે, મજકુર જમીન માં અમોના અસીલનો કાયદેસરનો હકક ચાલી આવેલ છે અને મોટી માતબર રકમ પણ ચુકવેલ છે અને જે સાટખત યાને વેચાણનો કરાર પણ કરાવી લીધેલ છે. તે સાટખત યાને વેચાણનો કરાર અંગે વીશેષ અમલ માટે અમારા અસીલ સીવીલ રાહે દાદ મેળવવાના છે. જેથી અન્ય ત્રાહીત ઈસમો તથા જાહેર આલમને જણાવવાનું કે મજકુર જમીન પૈકીની જમીન અમારા અસીલશ્રી એ ખરીદ કરેલ છે. ફકત અને ફકત વારસાઈ થી નામ દાખલ કરી રજી. વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી હોય. મજકુર જમીન બાબતે કોઈ પણ ઈસમ કોઈ પણ જાતના લખાણો, કે નાણાની લેવડ દેવડ કરશે તો તેની પોતાની જવાબદારી ગણાશે અને અન્ય દાવાદુવી પ્રકરણો માં ઉતરવુ પડશે જેની ખાસ કરી ને નોંધ લેવી.

ફેઝલ એમ.શેખ
તે અબ્દુલકૈયુમ ઈલ્યાસ કોલા ના એડવોકેટ
OFFICE:- MAIN BAZAR ROAD KHOLWAD, AT&PO. KHOLWAD,
TAL, KAMREJ, DIST.SURAT. (GUJ) INDIA-394190. Mo.No. 90338 06870, 91061 80746

બેંક ઑફ બડૌદા Bank of Baroda

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સુધારો

આથી તાઃ ૨૭/૦૮/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં પ્રસિદ્ધ થયેલ ઈ– હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે તા : ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ આયોજીત ઈ– હરાજી માં અ.નં.૧, દેવાદાર : શ્રી સમદારલાલ લિચ્છામનરામ, શ્રીમતી મૈનાદેવી અને શ્રી રામાશંકર આર યાદવ, ફલોક ટાવર શામા ની સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન માં રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૮૦ ભુલ અને શરત ચુકથી છપાયેલ છે જે સુધારીને રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૧૮૦ વાચવું.

ઈ– હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૦૪.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડિયા

બેંક ઑફ બડૌદા Bank of Baroda

ઝાંપા બજાર શાખા : જુના મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ સુરત–૩૯૫૦૦૩. ફો. નં.- ૦૨૬૧– ૨૪૨૩૩૦૩, ૨૪૩૯૪૨
email :zampab@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૫.૦૫.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી સોમનાથ કિશન અહેર (દેવાદાર અને ગીરવેદાર)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬,૭૪,૧૦૬.૫૧ (રૂા.છ લાખ ચુમ્મોતેર હજાર એકસો છ અને એકાવન પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર નું અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારઆ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૨ જી સપ્ટેમ્બર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૬,૭૪,૧૦૬.૫૧ વત્તા વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

— સ્થાવર મિલકતનું વર્ણન —

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'ઝૂહિકા રેસીડેન્સી–૧' નો પ્લોટ નં.૧૧૩ આશરે માપ ૪૦.૧૫ ચો.મી. એટલે ૪૮.૦૨ ચો.વાર, વણવહેચાયેલ હિસ્સા આશરે માપ ૧૬.૦૨ ચો.મી રોડ અને સીઓપી ના સહિત રી સર્વે., બ્લોક નં. ૮૫, જુનો બ્લોક નં.૬૧ તેનો રેવન્યુ સર્વે નં.૫૦, ગામ.નનસાડ,સબ–ડિસ્ટ્રીકટ.કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૬૨, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૬૦, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૧૨.

તા. ૦૨.૦૯.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા.

જાહેર નોટીસ

આથી લગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ભેસ્તાનના જુના રે.સર્વે નં. ૧૯૦ તથા ૧૯૧ જેનો નવો બ્લોક નં.૧૨૧ તથા ૧૨૨ સીટી સર્વે નં. ૨૭૯૭ તેમજ ૨૭૯૮, જેનો ટી.પી.સ્કીમ નં. ૪૮ (ભેસ્તાન) ફાયનલ પ્લોટ નં.૩૫ તથા ૩૬ થી નોંધાયેલ બિનખેતીની જમીનમાં આવેલ **''સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ''** મા ઔદ્યોગીક હેતુનાં પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૦૧**, વાળી મીલકત કે જેનું ક્ષેત્રફળ ૧૧૮.૯૫ ચો.મી. તેના ઉપર બાંધવામાં આવેલ ત્રણ માળની અમલા ઇમારત જેનું બિલ્ટઅપ એરીયાનું કુલ ક્ષેત્રફળ ૩૯૪.૬૫૬ ચો.મી. વાળી મીલકત ના માલીક **સંદિપ પ્રવિણભાઇ પટેલ** ચાલી આવેલ છે.પરંતુ સદરહુ મીલકતના માલીકના સંબંધિત દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર સુરત ની કચેરીમાં નોંધાયેલ **વેચાણ દસ્તાવેજ નં.૩૪૦૭ તા. ૧૮/૦૩/૧૯૯૮ ની અસલ રજીસ્ટ્રેશન રસીદ(પાવતી) ગુમ યા ગેરવલ્લે (યા નાશ પામેલ હોય) હાલ મળી આવતી નથી.** જેથી મજકુર મિલકતમાં કોઈ બેંક, નાંણાકીય સંસ્થા, સોસાયટી યા વ્યકિતનો હર કોઈ પ્રકારનો હક્ક, હિત, સંબંધ, હિસ્સો, દર-દાવો, બોજો યા ચાર્જ હોય અથવા કોઇને ઉપરોકત અસલ દસ્તાવેજો મળી આવે તો દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયા ના દિન ૭ માં નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહિત જાણ કરવી.

ઓફીસ : ૧૦૩, પ્રથમ માળ,
ન્યુ આર્શીવાદ સ્કવેર, સોસીયો સર્કલ,
ઉધના મગદલ્લા રોડ, સુરત.

–:: મારી મારફત ::–
હિતેશ એલ. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ તાલુકાનાં **મોજે : પારડી ભાદોલી** ગામનાં **ખાતા નં. ૨૪૦, બ્લોક નં. ૪૮** થી નોંધાયેલ જુનીશરત વાળી જમીન કે જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૮૮-૦૬ ચો.મી. યાને ૮۸૮૬ ચો.મી.** છે અને જેનો જાકાર રૂા. ૧૦.૧૯ પૈસા છે તે ખેતીની જમીન **તનયકુમાર જશવંતભાઇ** ની સ્વતંત્ર પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી તથા સદરહું જમીન નકશજી, નબોજી, બીન તકરારી ચોખ્ખા ટાઇટલ કલીયર વાળી ચાલી આવેલ હોવાનુ જણાવી તથા વિશ્વાસ અને ખાત્રી આપી મારા અસીલ ને વેચાણ થી આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહું જમીનનો હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન, વિગેરે હોય તો તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત હમોને મોકલી આપવા તથા સંપર્ક કરવો. સદરહું મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હક્ક હિત હિસ્સો, બોજો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન માલીકને સદરહું જમીનનો પુરેપુરો અવેજ ચુકવી મિલકતનો કબજો લઇ પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની ક